eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 358
June 13, 2014

## લિંબાયત ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં મે.કમિશનરશ્રી અને લિંબાયત ઝોનનાં એડી.સીટી.ઈજનેર સાહેબશ્રી તથા આસી.કમિશનરશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તા.૦૫/૦૬/૧૪ નાં રોજ લિંબાયત ઝોનનાં આરોગ્ય વિભાગના તથા વી.બી.ડી.સી. સ્ટાફની ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૦૬/૦૬/૨૦૧૪ ને શુક્રવારના રોજ રાખવામાં આવેલ મીટીંગ :–

વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થાઓ કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલાં પ્રમાણમાં સેવા / સહાય પુરી પાડશે તે સુનિશ્ચિત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

મે.કમિશનરશ્રીની સુચના સુચના/આદેશ મુજબ તા.૦૬/૦૬/૧૪ ના રોજ સાંજે ૫–૦૦ થી રાત્રીના ૯–૦૦ ના સમયગાળા દરમ્યાન સેન્ટ્રલ ઝોનના જુદા જુદા ખાણીપીણીના સ્થળો જેવા કે નાનપુરા, ચોકબજાર, સગરામપુરા, ખાઉધરા ગલી, મોતીટોકીઝ, હોડીબંગલા, સ્ટેશન વિસ્તાર, રીંગરોડ વિગેરેમાં સેન્ટ્રલ ઝોનના ...

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં મે.કમિશનરશ્રી અને લિંબાયત ઝોનનાં એડી.સીટી.ઈજનેર સાહેબશ્રી તથા આસી.કમિશનરશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તા.૦૬/૦૬/૧૪ નાં રોજ લિંબાયત ઝોનનાં આરોગ્ય વિભાગના તથા ગુમાસ્તાધારા સ્ટાફની ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી બાબત :–

આરોગ્ય અધિકારી અને ઈ.ચાર્જ.ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) અને એડી. સીટી ઈજનેર(સીવીલ) ની સુચનાથી વરાછા ઝોનના આસી.કમિશ્નર અને નાયબ આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ તા.૨/૦૬/૨૦૧૪ થી તા.૬/૬/૨૦૧૪ સુધી પૂર્વઝોન(વરાછા)માં આવેલ વરાછા મેઈન રોડ, હીરાબાગ અને ૧૫૦ ફૂટ રોડ, ચોપાટીથી કાપોદ્રા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) માં જુદા જુદા સ્થળોએ પ્રિમોન્સુન ની કામગીરી ના ભાગ રુપે કરવામાં આવેલ કામગીરી જેની વિગત નીચે મુજબ છે:–

સાઉથ ઝોન (ઉધના)માં એડી. સીટી ઇજનેરશ્રી સુચના અન્વયે અને કાર્યપાલક ઇજનેરશ્રીની માર્ગદર્શન હેઠળ નીચે જુદા જુદા સ્થળોએ પ્રિમોન્સુન ની કામગીરી કરવામાં આવેલ. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૬/૬/૧૪નાં રોજ ચિંતન શિબીરનું આયોજન બાબત :–

સુરત મહાનગરપાલિકા આઈ.સી.ડી.એસ.વિભાગ તથા મહિલા અને બાળવિકાસ વિભાગ ગાંધીનગરનાં સંયુકત ઉપક્રમે તા.૬/૬/૧૪નાં રોજ ચિંતન શિબીરનું આયોજન રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ ખાતે સવારે ૯:૦૦ કલાકથી સાંજે ૪:૦૦ કલાક દરમ્યાન કરવામાં આવ્યુ હતું. જેમાં આરોગ્ય સમિતીનાં ચેરમેનશ્રી કિશોરભાઈ બિંદલ, સેન્ટ્રલ ઝોનનાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ખેલ મહાકુંભ–૨૦૧૩ના વિવિધ રમતોના શહેર કક્ષાના વિજેતાઓને રોકડ પુરસ્કાર વિતરણ બાબત :–

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે ખેલ મહાકુંભ–૨૦૧૩નું આયોજન કરવામાં આવ્યું હતું. ખેલ મહાકુંભ–૨૦૧૩ના વિવિધ રમતોના શહેર કક્ષાના વિજેતાઓને રોકડ પુરસ્કાર વિતરણ સમારોહનું આયોજન તા.૨૩/૦૧/૨૦૧૪ના રોજ રંગભવન, જીવનભારતી સ્કુલ કમ્પાઉન્ડ, નાનપુરા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## " કવોલિટી ઓફ સિટી સીસ્ટમ " રનર અપ તથા "કવોલિટી ઓફ લાઈફ" રનર અપ એવોર્ડ એનાયત બાબત :–

એન્યુઅલ સરવે ઓફ ઈન્ડિયાઝ સિટી સીસ્ટમ (એએસઆઈસીએસ) દ્વારા દેશના ટોચના શહેરોમાં દિલ્હી, સુરત, અમદાવાદ, પુના, મુંબઈ, જયપુર, કોલકત્તા, હૈદરાબાદ, બેંગ્લોર, ચેન્નાઈ વિગેરે સહિત ૨૧ મુખ્ય શહેરોમાં ઈન્ફ્રાસ્ટ્રકચર કવોલિટી ઓફ લાઈફ અન્વયે સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં સુરત માં કવોલિટી ઓફ લાઈફ સૌથી સારી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઝોન (ઉધના) નાં કાર્યક્ષેત્રમાં આવેલ પત્રકાર કોલોની થી અલથાણબ્રીજ સુધી, અલથાણબ્રીજ થી પિયુષ કોમ્પલેક્ષ તરફનાં મેઈન રોડ, દક્ષેશ્વર મંદિર થી પિયુષ કોમ્પલેક્ષ સુધી તેમજ અપેક્ષાનગર ચાર રસ્તા થી પ્રભુનગર ખાડી પુલ સુધીનાં મુખ્ય રસ્તા પર પરવાના વગર વેચાણ કરતાં, ખુલ્લું મટન, મચ્છી નું વેચાણ કરતાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

### સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૧૧, ધાસ્તીપુરા ખાતે આવેલ ફલડ ગેટ સુધીનાં રસ્તા પર આવેલ નડતરરૂપ ઝુંપડાનાં રહીશોને આવાસો ફાળવી દીધા બાદ પણ જેઓએ ઝુંપડા ખાલી કરેલ ન હતા તેવા ઝુંપડાઓને ખાલી ...

વધુ માટે કલીક કરો >>>>>>

### મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં તા.૦૨/૦૬/૧૪ થી તા.૦૮/૦૬/૧૪ના રોજ આરોગ્યલક્ષી કામગીરી બાબત :–

મે.કમિશનરશ્રીની સુચના મુજબ અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ)નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં તા.૦૨/૦૬/૧૪ થી તા.૦૮/૦૬/૧૪ના રોજ ઓપરેશન હેલ્થકેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા/કુલ્ફી/મટકા કુલ્ફીની કુલ ૪૪૬ લારીઓ ચેક ...

વધુ માટે કલીક કરો >>>>>>

### પૂર્વ (વરાછા) ઝોનમાં આવેલ વિવિધ વિસ્તારોમાં ડીમોલીશન/દબાણની કામગીરી બાબત:–

પૂર્વ (વરાછા) ઝોનમાં સમાવિષ્ટ મોટા વરાછા વિસ્તારમાં નીચે જણાવેલ સ્થળોએ ડીમોલીશનની કાર્યવાહી કરવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૨મી નાટ્ય સ્પર્ધા :–

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિ વર્ષ યોજાતી નાટ્ય સ્પર્ધા ચાલુ વર્ષે ૪૨મી નાટ્ય સ્પર્ધા આગામી સપ્ટેમ્બર ૨૦૧૪માં યોજવામાં આવનાર છે. નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ તથા કલાકારો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ ...

વધુ માટે કલીક કરો >>>>>>

### સાઉથ ઝોન (ઉધના)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઝોન (ઉધના) નાં કાર્યક્ષેત્રમાં આવેલ અંકલ્સ લોચો, ગુરુધ્વારા સામે, ઉધના–નવસારી મેઈન રોડ, ખાતે તા.૧૦/૦૬/૨૦૧૪ ના રોજ આરોગ્ય વિભાગનાં સ્ટાફ તથા ફુડ વિભાગ ધ્વારા સંયુકતપણે આરોગ્ય વિષયક ચેકીંગ હાથ ધરવામાં આવેલ. જેમાં આશરે ૭૦ કિ.ગ્રા ખુલ્લો અને અખાદ્ય પદાર્થ નો જથ્થો ...

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત ડુમસ રોડ પર નવી કોર્ટ બિલ્ડીંગ પાસે ફલાય ઓવર બ્રીજ અકસ્માતમાં સુરત મહાનગરપાલિકાના માન.મેયરશ્રી તરફથી સહાય મેયર ફંડમાંથી આપવાની જાહેરાત બાબત :–

સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત ડુમસ રોડ પર નવી કોર્ટ બિલ્ડીંગ પાસે ફલાય ઓવર બ્રીજના નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ બ્રીજની મોટાભાગની કામગીરી પૂર્ણ થયેલ હતી. હાલમાં બે સ્પાનની કામગીરી ચાલુ હતી. સ્પાન નં.સી.પી.–૧૪ અને સી.પી.૧૫ના સ્લેબની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામે સ્ટેજીંગ,

વધુ માટે કલીક કરો >>>>>>

### નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૦/૦૬/૨૦૧૪ ના રોજ એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ) ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેરશ્રીઓ તથા દબાણ ખાતાના સ્ટાફ તથા આશરે ૪૫ બેલદારો સહિત સ્થળે જઈ કરેલ ડીમોલીશનની ...

વધુ માટે કલીક કરો >>>>>>

### નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૫/૨૦૧૪ના રોજ એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેરશ્રીઓ તથા દબાણ ખાતાના સ્ટાફ તથા આશરે ૬૦ બેલદારો સહિત સ્થળે જઈ કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે. સદર ...

વધુ માટે કલીક કરો >>>>>>

### સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

આથી જણાવવાનું કે, હોસ્પિટલ, દવાખાના, નર્સીગ હોમ, ડીસ્પેનસરી, બ્લડ બેંક, પેથોલોજીકલ લેબોરેટરી વિગેરેને એન્વાયરોમેન્ટલ પ્રોટેકશન એકટ–૧૯૮૬ અંતર્ગત બાયોમેડીકલ વેસ્ટ (મેનેજમેન્ટ અને હેન્ડલીંગ) રૂલ્સ–૧૯૯૮ ની કલમ–૬, ૮ તથા શીડયુલ–૧ અને ૨ ની કલમ–૫, ૬ મુજબ જૈવિક કચરાના ...

વધુ માટે કલીક કરો >>>>>>

### માહે મે ૨૦૧૪ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ :–

સ્મીમેર હોસ્પીટલમાં માહે મે ૨૦૧૪ દરમ્યાન ૩૮૫૪ ઈન્ડોર તથા ૪૦૫૩૮ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૨૫૧૩ તથા ૪૮૪ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૯૩૪૧ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા.ટી.બીના નવા ૮૦૧ અને જુના ૧૪૦૬ દર્દીઓ સહીત કુલ ૨૨૦૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં મે.કમિશ્નરશ્રી અને લિંબાયત ઝોનનાં એડી.સીટી.ઈજનેર સાહેબશ્રી તથા આસી.કમિશ્નરશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તા.૦૫/૦૬/૧૪ નાં રોજ લિંબાયત ઝોનનાં આરોગ્ય વિભાગના તથા વી.બી.ડી.સી. સ્ટાફની કુલ–૨ (બે) ટીમો બનાવી કોમર્શીયલ બિલ્ડીંગ તેમજ માર્કેટોમાં સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનની ઉમરવાડા–૨ ની વિભાગીય કચેરીનાં કાર્યક્ષેત્રમાં આવેલ માર્કેટો જેવી કે એમ.જી.માર્કેટ, સુરત ટેક્ષટાઈલ્સ માર્કેટ, રેશમવાલા માર્કેટ, જશ માર્કેટ, અભિનંદન માર્કેટ તેમજ રીંગરોડ સહારા દરવાજા પાસે આવેલ એસ.એમ.સી.શોપીંગ સેન્ટર તથા એ.પી.એમ.સી.માર્કેટ પાસે આવેલ ઈન્ટરસીટી શોપીંગ કોમ્પલેક્ષમાં આરોગ્યલક્ષી ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમ્યાન માર્કેટમાં આવેલ અંડરગ્રાઉન્ડ/ઓવરહેડ ટાંકીઓ, કેન્ટીન/ટી સ્ટોલ તથા માર્કેટના પેસેજ, પાર્કીંગ તેમજ માર્કેટનાં ડ્રેનેજ લાઈન પાઈપો લીકેજ/તુટેલ હોવાથી તેને બદલવા માટે તથા દુકાનની પાછળની ભાગે આવેલ બારી–બારણાંની પરડી ઉપર તેમજ ઓપન ઘી સ્કાઈ તેમજ ઓ.ટી.એસના પેસેજમાં કાગળ,પ્લાસ્ટીક, કચરો, રેસા, નકામા કાપડના ડુચા વિગેરે નાંખી ગંદકી કરેલ હોવાથી માર્કેટના દુકાનધારકો/ કેન્ટીનવાળા તથા વહીવટકર્તાઓને નોટીસ આપી વહીવટી ચાર્જ વસુલ કરવાની કામગીરી કરવામાં આવી હતી.

વધુમાં એડી.સીટી ઈજનેરશ્રીની સુચના મુજબ સુરત–કડોદરા– બારડોલી મીડલ રીંગરોડ પર આવેલ પાલીવાળા અલંગ હાઉસની બાજુમાં આવેલ કાચના ગોડાઉનના માલિકશ્રી જેઠાલાલ વેરસિંહ ભદ્રાએ તુટેલ કાચના ભંગારનો સામાન ખુલ્લી જગ્યામાં રાખેલ હોવાથી નોટીસ આપી તેમની પાસે નિકાલ કરાવ્યા બાદ રૂ.૫૦૦૦/– નો વહીવટીચાર્જ પણ વસુલ કરવામાં આવ્યો હતો.

ઉપરોકત કામગીરી દરમ્યાન ૦૫ (પાંચ) માર્કેટ તેમજ સહારા દરવાજા પાસે આવેલ એસ.એમ.સી.શોપીંગ સેન્ટર તથા મગોબ વિસ્તારમાં આવેલ ઈન્ટરસીટી શોપીંગ કોમ્પલેક્ષની આજુબાજુ આવેલ નાના–મોટા કોમ્પલેક્ષની અંદાજીત કુલ–૨૧૫ સંસ્થાઓ ચેક કરતાં તે પૈકીની કુલ–૬૧ સંસ્થામાં આરોગ્યલક્ષી ક્ષતિઓ માલુમ પડેલ હોવાથી કુલ–૬૧ ઈસમોને નોટીસ આપી તેમની પાસે કુલ–રૂ.૩૧,૪૦૦/– (અંકે રૂપિયા એકત્રીસ હજાર ચારસો પુરા) વહીવટી ચાર્જ પણ વસુલ કરવા અંગેની સખત કાર્યવાહી કરવામાં આવેલ છે. આમ કુલ –૩૬,૪૦૦/– નો વહીવીટીચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં માર્કેટના વહીવટકર્તાઓને નોટીસ આપી માર્કેટ પેસેજ, પાર્કીંગ તેમજ દુકાનોની પાછળના ભાગે આવેલ ગલીઓની તેમજ મગોબ વોર્ડ વિસ્તારમાં આવેલ દુકાનધારકો પાસે સાફ–સફાઈ કામગીરી તેઓ પાસે કરાવવામાં આવી હતી. સંચાલકોને સ્વચ્છતા જાળવવા તથા ધંધાના સ્થળની આજુબાજુ સંપૂર્ણ સફાઈ રાખવા તેમજ ઢાંકણવાળી ડસ્ટબીન રાખી કચરાનો અસરકારક નિકાલ કરવા માટે ચેતવણી આપી, સમજ આપવામાં આવી હતી.

TOP

## તા.૦૬/૦૬/૨૦૧૪ ને શુક્રવારના રોજ રાખવામાં આવેલ મીટીંગ :–



વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થાઓ કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલાં પ્રમાણમાં સેવા / સહાય પુરી પાડશે તે સુનિશ્ચિત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર તા.૦૬/૦૬/૨૦૧૪ ને શુક્રવારના રોજ સવારે ૧૧ – ૦૦ કલાકે, ગાંધી સ્મૃતિભવન ખાતે રાખવામાં આવેલ મીટીંગના આરંભે ડે.કમિશનરશ્રી ધ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોને આવકારી મીટીંગના આયોજનની રૂપરેખા આપતા જણાવ્યું કે, આપત્તિ સમયે મોટાપાયા પર અસર થાય ત્યારે નાગરિકો – સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા સુનિયોજીત કામગીરી થાય, સ્વૈચ્છિક સંસ્થા સાથે સંકલન કરવા અર્થે ઝોન કક્ષાએ પણ બેઠકો થાય છે. પ્રતિવર્ષ સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર મળે છે, તેમ આ વર્ષ પણ સહકાર મળી રહે તે હેતુસર શહેર કક્ષાની બેઠકનું સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજન કરવામાં આવ્યું છે, આ વર્ષે પ્રિ–મોન્સુનની પૂર્વ તૈયારીના ભાગરૂપ પ્રેઝન્ટેશન હકારાત્મક અને શહેરને ઉપયોગી નીવડે તેવા સૂચનો આવકારવામાં આવે છે.

માન.મેયરશ્રીએ પ્રથમ નાગરિક તરીકેના પ્રસંગોચીત ઉદ્બોધનમાં ઉપસ્થિત સ્વૈચ્છિક સંગઠન / સંસ્થાઓ, વ્યકિતગત સેવાભાવી નાગરિકો, મ્યુનિ.કમિશનરશ્રી, નેતાશ્રી–પ્રતિપક્ષ, અધિકારી / કર્મચારી તમામને આવકારવામાં આવ્યા. સુરત શહેરની આગવી છટા / ઓળખ જગ પ્રસિધ્ધ છે, વિશ્વભરમાં આગવી ઓળખ છે. શહેરમાં વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા શહેરની સ્વૈચ્છિક સંસ્થા / શહેરીજનો વિગેરેનો સારી રીતે સાથ–સહકાર મળી રહયો છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા પણ ચાલુ વર્ષે આવી પરિસ્થિતિને પહોંચી વળવા સુવ્યવસ્થાનું આયોજન / વ્યવસ્થા કરેલ છે. કમિશનરશ્રી પણ તેનું મોનીટરીંગ કરી રહયા છે. ૨૦૦૬ના પૂર બાદ મહાનગરપાલિકાના તંત્ર ધ્વારા ઘણા સુધારા કરવામાં આવ્યા છે. ચાલુ વર્ષે પણ શહેરીજનોને આવી પરિસ્થિતિ ઉભી થાય ત્યારે પાણી પુરવઠો ચાલુ રહે, ડ્રેનેજ / સ્ટ્રોર્મ ડ્રેનેજ, મેનહોલ, જાળીયા, ખાડી સફાઈ વિગેરેની કામગીરી વિગેરે સારી રીતે થઈ છે. ભૂતકાળમાં પણ શહેરની સર્વોપરીતાની જવાબદારી અદા કરવામાં અધિકારી / કર્મચારીઓએ કામગીરી કરી છે. વાવાઝોડા, ભારે વરસાદ, પૂર અને અન્ય કૃદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ ઉદભવે ત્યારે તમામ ટીમવર્કથી પાર પાડી શકીએ, આ અંગે શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓનું અગાઉ યોગદાન રહયું છે અને ચાલુ વર્ષે પણ આ પ્રકારનું યોગદાન મળી રહે સૌ એકમત થઈને પરિસ્થિતિનો નિરાકરણ લાવીએ,

આપણી દિવ્યતા / અખંડિતતા રહે, શહેરને કોઈની બુરી નજર ન લાગે, શહેર ખુશાલ રહે માટે પ્રભુને પ્રાર્થના કરીએ.

ત્યારબાદ સીટી ઈજનેર શ્રી જે.એસ. શાહ ધ્વારા પ્રેઝન્ટેશનની શરૂઆતમાં ગત વર્ષે શહેરમાં સતત વરસાદ, ખાડીપુર, ઉકાઈ ખાતેથી તાપી નદીમાં છોડવામાં આવેલ પાણીના કારણે પૂર જેવી પરિસ્થિતિ ન ઉદભવે તે મુજબ આયોજન કરવામાં સફળ રહયા હતા. ચાલુ વર્ષે પણ શહેરમાં નદીપુર, ખાડીપુર તથા ભારે વરસાદની પરિસ્થિતિ તથા પાણીનો ભરાવોને કારણે થતી સંભવિત અસરો સંદર્ભે મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ પુર્વ તૈયારી જેવી કે ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્રિપેર્ડનેશ પ્લાનની વિગતો અદ્યતન કરવામાં આવેલ છે. વર્ષ– ૨૦૦૨ થી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રિપેર્ડનેશ પ્લાનની પુસ્તિકા તૈયાર કરવામાં આવે છે અને તેમાં માઈક્રોલેવલ પ્લાનીંગ કરવામાં આવે છે. ઝોન લેવલે પણ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મીટીંગ યોજાય છે. આ વર્ષે પણ મહાનગરપાલિકાના અધિકારી / કર્મચારીઓ પૈકી કોણ, કયાં શું કામગીરી કરશે, તેની નિશ્ચિત કરવામાં આવેલ વિગતો, ફલડ ગેટ, વાહન મશીનરીઓ, જનરેટર સેટ વિગેરેનાં સર્વિસીંગ / મેઈન્ટેનન્સ તથા ઓપરેશનની કામગીરી, ઝોન કક્ષાએ ઝોન વાર / વોર્ડવાર તૈયાર કરવામાં આવેલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તથા તે અંગે મહાનગરપાલિકાના સ્ટાફ, વોલન્ટીયર્સ, કાર્યકરો વિગેરેને આપવામાં આવેલ જાણકારી / તાલીમ ઉપરાંત નીચાણવાળા વિસ્તાર, રાહત કેન્દ્ર વધારાની જરૂરીયાત તેમજ હેવી વ્હીકલ / મશીનરી પુરી પાડનાર સંસ્થાની યાદી તૈયાર કરવા સહીતનું આયોજન / વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ પ્રતિવર્ષ આવી પરિસ્થિતિને પહોંચી વળવા તમામ સ્વૈચ્છિક સંસ્થાઓ / સરકારી વિભાગોનો સાથ–સહકાર મળી રહયો છે.

આ વર્ષે શહેરના જુદા જુદા વિસ્તારમાં ઓટોમેટીક વેધર સ્ટેશન ઉભા કરવામાં આવ્યા છે, જેના કારણે શહેરમાં કયાં કેટલો વરસાદ પડયો છે, વિગેરે જાણકારી નાગરિકોને મળી શકે. તેમજ ઉકાઈ ખાતે જૂન માસથી ચોમાસુ પૂર્ણ થાય ત્યાં સુધી કેટલા લેવલે પાણીનો સંગ્રહ રાખવામાં આવનાર છે, તેના મોનીટરીંગની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત " પ્રિવેન્સન ઓફ એપીડેમીકસ પિપર્ડનેશ " સંદર્ભે નાયર આરોગ્ય અધિકારી ર્ડા. કે.આઈ. ખત્રી ધ્વારા શહેરમાં ભારે વરસાદ, પૂર જેવી પરિસ્થિતિ ઉદ્ભવે તેવા સમયે પાણીજન્ય રોગો, કિટક જન્ય રોગ, વાયરલ ફીવર, લેપ્ટો જેવાનાં અટકાયતી માટે આરોગ્ય વિભાગની પૂર્વ તૈયારીની વિગતવાર માહિતીનું નિર્દેશન કરવામાં આવ્યું. સ્વૈચ્છિક સંસ્થાઓ કઈ રીતે મદદરૂપ થઈ શકે, તેની ભૂમિકાની પણ વિગતવાર માહિતગાર કરવામાં આવ્યા.

પ્રેઝન્ટેશન પૂર્ણ થતા ઉપસ્થિત સ્વૈચ્છિક સંસ્થાના હોદ્દેદારો ધ્વારા મહાનગરપાલિકાના કાર્યોમાં સંપુર્ણ સહકારની ખાતરી આપવામાં આવી તેમજ તેઓ ધ્વારા ઉપયોગી સુચનો પણ કરવામાં આવેલ.

મીટીંગની અંતમાં આસી.કમિશનર શ્રી બી.આઈ. દેસાઈ ધ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેની સંકલન મીટીંગમાં હાજર રહેલ મા.મેયરશ્રી, નેતાશ્રી(પ્રતિપક્ષ), મ્યુનિ.કમિશનરશ્રી, મ્યુનિ.સભ્યશ્રી, અધિકારી, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનીધિઓ, પત્રકાર મિત્રો વિગેરેને અત્રે ઉપસ્થિત રહેવા બદલ સૌનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

ઉપરોકત કાર્યક્રમમાં મા.મેયર શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, નેતા – પ્રતિપક્ષ, શ્રી બાબુભાઈ રાયકા, કોર્પોરેટરશ્રીઓ, કમિશનર શ્રી મનોજકુમાર દાસ, સર્વે ડે.કમિશનર (પી એન્ડ ડી) શ્રી જે.એમ.પટેલ, શ્રી સી.વાય.ભટ્ટ,

સર્વે એડી.સીટી ઈજનેર, શ્રી કે.એસ. પટેલ, કે.એચ.ખતવાણી, શ્રી બી.આઈ.દલાલ, શ્રી જે.કે. શાહ, ઝોનલ ઓફિસર/ કાર્યપાલક ઈજનેરશ્રીઓ, ઝોનના સદર કામગીરીને સંલગ્ન સ્ટાફ સાથે હાજર રહયા હતા. ઉપરાંત શહેર નામી સ્વૈચ્છિક સંસ્થાઓ સુરત શહેર અકસ્માત નિવારણ કેન્દ્ર, સર્વધર્મ ઉત્સવ સમિતિ, લિંબાયત મુસ્લીમ કબ્રસ્તાન, સદભાવના મહીલા મંડળ, સૌરાષ્ટ્ર ઉમીયા કડવા મહીલા મંડળ, મધર ચેરીટેબલ ટ્રસ્ટ, ખલાસી ટીમલા પંચ, શ્રી રોકડીયા હનુમાન સેવા સમિતિ વિગેરેના હોધ્દેદારો / પ્રતિનિધિઓ તથા શહેરના અગ્રગણ્ય નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

મે.કમિશનરશ્રીની સુચના સુચના/આદેશ મુજબ તા.૦૬/૦૬/૧૪ ના રોજ સાંજે ૫–૦૦ થી રાત્રીના ૯–૦૦ ના સમયગાળા દરમ્યાન સેન્ટ્રલ ઝોનના જુદા જુદા ખાણીપીણીના સ્થળો જેવા કે નાનપુરા, ચોકબજાર, સગરામપુરા, ખાઉધરા ગલી, મોતીટોકીઝ, હોડીબંગલા, સ્ટેશન વિસ્તાર, રીંગરોડ વિગેરેમાં સેન્ટ્રલ ઝોનના ચીફ સેનેટરી ઈન્સ્પેકટર, સેનેટરી ઈન્સ્પેકટરો તથા ફુડ ઈન્સ્પેકટરોની સંયુકત ટીમ મારફતે ખાદ્યપદાર્થોનું વેચાણ કરતી હોટલ / રેસ્ટોરન્ટો તથા ખાણીપીણીની લારીઓનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવેલ. ચેકીંગ દરમ્યાન જુદીજુદી આરોગ્યલક્ષી ખામી બાબતે કુલ–૧૫૦ હોટલ / રેસ્ટોરન્ટ  તથા ખાણીપીણીની લારીઓ પાસેથી રૂા.૩૭,૫૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે તથા કુલ–૧૫ સંસ્થાને ખામીઓ દૂર કરવા અંગે નોટીસ આપવામાં આવેલ છે. ગાંધીસ્મૃતિ ભવનની સામે કનકનિધિ કોમ્પલેક્ષમાં આવેલ ''બોમ્બે ભેલ'' તથા ''સેન્ટર પોઈન્ટ'' નામે સંસ્થામાં મોટાપાયે ગંદકી ખુલ્લુ અને ખરાબ ખાદ્યપદાર્થો તથા આરોગ્યલક્ષી ખામીઓ જણાય આવતા તાકીદના ધોરણે સંસ્થા બંધ કરાવવામાં આવેલ છે. તદઉપરાંત ગાંધીસ્મૃતિ ભવનની સામે આવેલ કનકનિધિ કોમ્પલેક્ષમાં ''સેન્ટર પોઈન્ટ'' નામની બીજી સંસ્થામાં તથા ''ટીપ્સી ટોપ્સી'' નામે સંસ્થામાં પીરસવામાં આવતા ખાદ્યપદાર્થના ફુડ વિભાગ તરફથી સેમ્પલ લેવામાં આવેલ છે.

આજ પ્રકારની ઓપરેશન હેલ્થ કેરની ઝુંબશ સેન્ટ્રલ ઝોનના અલગ અલગ  વિસ્તારોમાં હાલ ચાલુ રાખવામાં આવશે અને ગંદકી કરતી સંસ્થાઓ, ખાણીપીણીની લારીઓ સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

TOP

## લિંબાયત ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં મે.કમિશ્નરશ્રી અને લિંબાયત ઝોનનાં એડી.સીટી.ઈજનેર સાહેબશ્રી તથા આસી.કમિશ્નરશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તા.૦૬/૦૬/૧૪ નાં રોજ લિંબાયત ઝોનનાં આરોગ્ય વિભાગના તથા ગુમાસ્તાધારા સ્ટાફની કુલ–૨ (બે) ટીમો બનાવી કોમર્શીયલ બિલ્ડીંગ તેમજ માર્કેટોમાં સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનની ઉમરવાડા–૨ ની વિભાગીય કચેરીનાં કાર્યક્ષેત્રમાં આવેલ માર્કેટો જેવી કે અરિહંત માર્કેટ, સ્વદેશી માર્કેટ, ટેક્ષ સેન્ટર, ટી.ટી.માર્કેટ, અશોકા ટાવર તથા ન્યુ ટી.ટી.માર્કેટમાં આરોગ્યલક્ષી ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમ્યાન માર્કેટમાં આવેલ અંડરગ્રાઉન્ડ/ઓવરહેડ ટાંકીઓ, કેન્ટીન/ટી સ્ટોલ તથા માર્કેટના પેસેજ, પાર્કીંગ તેમજ માર્કેટનાં ડ્રેનેજ લાઈન પાઈપો લીકેજ/તુટેલ હોવાથી તેને બદલવા માટે તથા દુકાનની પાછળની ભાગે આવેલ બારી–બારણાંની પરડી ઉપર તેમજ ઓપન ઘી સ્કાય તેમજ ઓ.ટી.એસના પેસેજમાં કાગળ,પ્લાસ્ટીક, કચરો, રેસા, નકામા કાપડના ડુચા વિગેરે નાંખી ગંદકી કરેલ હોવાથી માર્કેટના દુકાનધારકો/ કેન્ટીનવાળા તથા વહીવટકર્તાઓને નોટીસ આપી વહીવટી ચાર્જ વસુલ કરવાની કામગીરી કરવામાં આવી હતી.

ઉપરોકત કામગીરી દરમ્યાન ૦૬ (છ) માર્કેટ પૈકી પાંચ માર્કેટોને આરોગ્યલક્ષી નોટીસ પાઠવ્યા બાદ ન્યુ ટી.ટી.માર્કેટની અંદાજીત કુલ–૧૧૨ સંસ્થાઓ ચેક કરતાં તે પૈકીની કુલ–૧૯ સંસ્થામાં આરોગ્યલક્ષી ક્ષતિઓ માલુમ પડેલ હોવાથી કુલ–૧૯ ઈસમોને નોટીસ આપી તેમની પાસે કુલ–રૂ.૨૫,૫૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પાંચસો પુરા) વહીવટી ચાર્જ પણ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી તેમજ આ કામગીરી દરમ્યાન કુલ–૨૫ આરોગ્યલક્ષી નોટીસ પાઠવવામાં આવી હતી.

વધુમાં માર્કેટના વહીવટકર્તાઓને નોટીસ આપી માર્કેટ પેસેજ, પાર્કીંગ તેમજ દુકાનોની પાછળના ભાગે આવેલ ગલીઓની સાફ–સફાઈ કામગીરી કરાવવામાં આવી હતી. સંચાલકોને સ્વચ્છતા જાળવવા તથા ધંધાના સ્થળની આજુબાજુ સંપૂર્ણ સફાઈ રાખવા તેમજ દરેક માળ ઉપર ઢાંકણવાળી ડસ્ટબીન રાખી કચરાનો અસરકારક નિકાલ કરવા માટે ચેતવણી આપી, સમજ આપવામાં આવી હતી.

TOP

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી બાબત :–

આરોગ્ય અધિકારી અને ઈ.ચાર્જ.ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) અને એડી. સીટી ઈજનેર(સીવીલ) ની સુચનાથી વરાછા ઝોનના આસી.કમિશ્નર અને નાયબ આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ તા.૨/૦૬/૨૦૧૪ થી તા.૬/૬/૨૦૧૪ સુધી પૂર્વઝોન(વરાછા)માં આવેલ વરાછા મેઈન રોડ, હીરાબાગ અને ૧૫૦ ફૂટ રોડ, ચોપાટીથી કાપોદ્રા મેઈન રોડ, મીનીબજાર થી જયભગવાન રોડ, વોર્ડ વિસ્તારમાં કેરીવાળા તેમજ પાનનાં ગલ્લાઓનું, ખાણી–પીણી સંસ્થાઓ/લારીવારાઓનું તેમજ ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીઝની આજુ–બાજુ આવેલ ઈન્ડસ્ટ્રીઝ તેમજ કોમર્શીયલ કોમ્પ્લેક્ષમાં સાફ–સફાઈ અંગે સંસ્થાઓનું સઘન ચેકીંગ કરી ન્યુસન્સ કરતા ૨૩૭ સંસ્થાઓ પાસેથી રૂા.૩૧,૪૫૦/– જેટલો વહિવટી પરચુરણ ખર્ચ વસુલ કરી દંડકીય કાર્યવાહી કરવામાં આવેલ છે અને ૧૩ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી અને ૧૬ કિલો અખાદ્ય–પદાર્થોનો નાશ કરી, ૫૦ નોટીસ આપવામાં આવેલ છે તેમજ આરોગ્યલક્ષી શિક્ષણ આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના) માં જુદા જુદા સ્થળોએ પ્રિમોન્સુન ની કામગીરી ના ભાગ રુપે કરવામાં આવેલ કામગીરી જેની વિગત નીચે મુજબ છે.

સાઉથ ઝોન (ઉધના)માં એડી. સીટી ઇજનેરશ્રી સુચના અન્વયે અને કાર્યપાલક ઇજનેરશ્રીની માર્ગદર્શન હેઠળ નીચે જુદા જુદા સ્થળોએ પ્રિમોન્સુન ની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં આજ રોજ તા. ૦૭/૦૬/૨૦૧૪ પ્રિમોન્સુન ની કામગીરી ના ભાગ રુપે રસ્તામાં નડતરરૂપ બિલ્ડીંગ મટીરીયલસ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હ્લ જે ઝુંબેશ માં સાઉથ ઝોન (ઉધના) ના શહેર વિકાસ વિભાગના તથા દબાણ ખાતા ના સ્ટાફની મદદથી જુદા જુદા સ્થળોએ બિલ્ડીંગ મટીરીયલસ દુર કરવાની કામગીરી કરીને રૂ. ૫૪૦૦૦/- વહીવટી ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ.

TOP

## તા.૬/૬/૧૪નાં રોજ ચિંતન શિબીરનું આયોજન બાબત :-

સુરત મહાનગરપાલિકા આઈ.સી.ડી.એસ.વિભાગ તથા મહિલા અને બાળવિકાસ વિભાગ ગાંધીનગરનાં સંયુકત ઉપક્રમે તા.૬/૬/૧૪નાં રોજ ચિંતન શિબીરનું આયોજન રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ ખાતે સવારે ૯ઃ૦૦ કલાકથી સાંજે ૪ઃ૦૦ કલાક દરમ્યાન કરવામાં આવ્યુ હતું. જેમાં આરોગ્ય સમિતીનાં ચેરમેનશ્રી કિશોરભાઈ બિંદલ, સેન્ટ્રલ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી કે.આઈ.ખત્રી, વેસ્ટઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.કે.એ.શ્રોફ, ફેમીલી પ્લાનીંગનાં મેડીકલ ઓફીસર શ્રીમતી અરૂણાબેન પટેલ, આર.સી.એચ.મેડીકલ ઓફીસરશ્રી ડો.પ્રકાશભાઈ પટેલ હાજર રહયા હતા.

આજના આ કાર્યક્રમમાં શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, ફીમેલ હેલ્થ વર્કરો તથા આંગણવાડી કાર્યકર બહેનો મળી કુલ ૫૦૦ વ્યકિતઓએ ભાગ લીધેલ હતો.

કાર્યક્રમની શરૂઆત મેડીકલ ઓફીસર ડો.એચ.કે.સોંધરવા ધ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યુ. જેમાં તેમના ધ્વારા સુરતમાં કુપોષણનું પ્રમાણ કહેવામાં આવ્યુ અને તેનાં નિવારણ માટે સૌ સાથે મળીને કામ કરવાનું કહયુ. તેમના ધ્વારા આજની ચિંતન શિબીરનો હેતુ જણાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ સેન્ટ્રલ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારી શ્રી કે.આઈ.ખત્રી ધ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યુ હતું. જેમાં એમણે જણાવ્યું હતું કે સુરતમાં શહેરીકરણનાં કારણે કુપોષણનો દર વધારે રહે છે અને આ દર ઘટાડવા માટે આઈ.સી.ડી.એસ., આર.સી.એચ. વિભાગ, એન.જી.ઓ. અને વિવિધ સામાજીક સંસ્થાઓ સાથે મળીને કામ કરે છે. તેમણે જણાવ્યું હતું કે કુપોષણ શાને કારણે થાય છે એની સાયકલ આંગણવાડી કાર્યકરે સમજવું જરૂરી છે. જયાં સુધી માતા શિક્ષિત ન થાય ત્યાં સુધી આ શકય નથી. એમણે જણાવ્યું હતું કે દર ૧૦૦૦ બાળકોએ ૩૦ બાળકો એમની પહેલી વર્ષગાંઠ ઉજવી શકતા નથી.

ત્યાર બાદ આરોગ્ય સમિતીનાં ચેરમેનશ્રી કિશોરભાઈ બિંદલે એમનાં ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે કુપોષણ દુર કરવામાં જાગૃત આંગણવાડી કાર્યકર બહેનોને મહત્વનો ફાળો છે અને આજનાં શિબીરનો મુખ્ય વિષય કુપોષણ છે. જે સમગ્ર દેશની સામાજીક સમસ્યા છે. એમણે એમ પણ જણાવયું હતું કે કુપોષણનું મુખ્ય કારણ ગરીબી, અજ્ઞાનતા અને ચેપ છે. ગુજરાતની ૫૨,૦૦૦ આંગણવાડીઓ કાર્યરત છે. જેમાં બાળકોને પ્રિમીક્ષ તથા સવારનો નાસ્તો અને બપોરનો ગરમ આહાર આપવામાં આવે છે.જેનાં કારણે કુપોષણનું પ્રમાણ ગુજરાતમાં પહેલા કરતા ઓછુ થયુ છે.

ત્યાર બાદ મિશન બલમ્ સુખમનું થીમ સોંગ તથા મુખ્ય મંત્રીશ્રીની ઉપસ્થિતીમાં ગાંધીનગર ખાતે યોજાયેલ એ.ટી.વી.ટી. ચિંતન શિબીરનું રેકોર્ડેડ પ્રવચન બતાવામાં આવ્યું. ત્યાર બાદ વિવિધ વકતાઓ ધ્વારા આંગણવાડીમાં ચાલતી કાર્યવાહીની સમજ તથા કુપોષણ નિવારણ અર્થે જુદા જુદા વિષય પર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમનાં અંતમાં મેડીકલ ઓફીસર ડો.એચ.કે.સોંધરવાએ આભાર વિધી કરી કાર્યક્રમનું સમાપન કર્યુ હતું.

TOP

## ખેલ મહાકુંભ–૨૦૧૩ના વિવિધ રમતોના શહેર કક્ષાના વિજેતાઓને રોકડ પુરસ્કાર વિતરણ બાબત :–

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે ખેલ મહાકુંભ–૨૦૧૩નું આયોજન કરવામાં આવ્યું હતું. ખેલ મહાકુંભ–૨૦૧૩ના વિવિધ રમતોના શહેર કક્ષાના વિજેતાઓને રોકડ પુરસ્કાર વિતરણ સમારોહનું આયોજન તા.૨૩/૦૧/૨૦૧૪ના રોજ રંગભવન, જીવનભારતી સ્કુલ કમ્પાઉન્ડ, નાનપુરા, ટીમલીયાવાડ, સુરત ખાતે કરવામાં આવેલ હતું. સદર સ્પર્ધાના વિજેતાઓ પૈકી જેઓએ પોતાનો રોકડ પુરસ્કારનો ચેક મેળવેલ નથી તથા જે વિજેતાઓના ચેકનો વેલિડીટી પીરીયડ પૂર્ણ થયેલ હોય, તેવા તમામ વિજેતાઓએ તા.૧૧/૦૭/૨૦૧૪ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન), ચોકબજાર, સુરત (ફોન નં.૨૪૬૧૬૯૪)નો સંપર્ક કરી બાકી ચેકો મેળવી લેવા તથા ડેઈટ રીવેલીડેશન કરાવી લેવું. તા.૧૧/૦૭/૨૦૧૪ બાદ કોઈપણ વિજેતાના બાકી રોકડ પુરસ્કાર માટે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહિં. જેની નોંધ લેવી.

TOP

## '' કવોલિટી ઓફ સિટી સીસ્ટમ '' રનર અપ તથા ''કવોલિટી ઓફ લાઈફ'' રનર અપ એવોર્ડ એનાયત બાબત :–

એન્યુઅલ સરવે ઓફ ઈન્ડિયાઝ સિટી સીસ્ટમ (એએસઆઈસીએસ) દ્વારા દેશના ટોચના શહેરોમાં દિલ્હી, સુરત, અમદાવાદ, પુના, મુંબઈ, જયપુર, કોલકત્તા, હૈદરાબાદ, બેંગ્લોર, ચેન્નાઈ વિગેરે સહિત ૨૧ મુખ્ય શહેરોમાં ઈન્ફ્રાસ્ટ્રકચર કવોલિટી ઓફ લાઈફ અન્વયે સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં સુરત માં કવોલિટી ઓફ લાઈફ સૌથી સારી હોવાનું નોંધાયેલ. આ બાબતે સુરત શહેરને આજ તા. ૦૭/૦૬/૨૦૧૪ ના રોજ દિલ્હી ખાતે યોજાયેલ સમારંભમાં ભારત સરકારના પ્લાનીંગ કમિશનના સભ્યશ્રી અરૂણ માયરા દ્વારા માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા તથા મા.કમિશનરશ્રી એમ.કે.દાસ, આઈ.એ.એસ. ને '' કવોલિટી ઓફ સિટી સીસ્ટમ '' રનર અપ તથા ''કવોલિટી ઓફ લાઈફ'' રનર અપ એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઝોન (ઉધના) નાં કાર્યક્ષેત્રમાં આવેલ પત્રકાર કોલોની થી અલથાણબ્રીજ સુધી, અલથાણબ્રીજ થી પિયુષ કોમ્પલેક્ષ તરફનાં મેઈન રોડ, દક્ષેશ્વર મંદિર થી પિયુષ કોમ્પલેક્ષ સુધી તેમજ અપેક્ષાનગર ચાર રસ્તા થી પ્રભુનગર ખાડી પુલ સુધીનાં મુખ્ય રસ્તા પર પરવાના વગર વેચાણ કરતાં, ખુલ્લું મટન, મચ્છી નું વેચાણ કરતાં ઈસમો પાસે પ્રિમોન્સુનનાં સમયગાળા દરમ્યાન ગત અઠવાડીયે આરોગ્ય વિષયક ચેકીંગ હાથ ધરવામાં આવેલ. જેમાં આશરે ૧૦૪૦ કિ.ગ્રા અખાદ્ય મટન, મરઘી માછલી, માંસ નો જથ્થો જપ્ત ડીસ્પોઝલ સાઈટ પર નાશ કરાવેલ છે. અને કસુરવાર કુલ.૧૮ ઈસમો પાસેથી વહીવટી ખર્ચ રૂા.૧૪૦૦૦/– વસુલવામાં આવેલ છે.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.૧૧, ધાસ્તીપુરા ખાતે આવેલ ફલડ ગેટ સુધીનાં રસ્તા પર આવેલ નડતરરૂપ ઝુંપડાનાં રહીશોને આવાસો ફાળવી દીધા બાદ પણ જેઓએ ઝુંપડા ખાલી કરેલ ન હતા તેવા ઝુંપડાઓને ખાલી કરાવી આશરે ૭૬૦૦ ચો.ફુટ જેટલી જગ્યાનાં ઝુંપડા તા.૦૯/૦૬/૨૦૧૪ના રોજ સેન્ટ્રલ ઝોનનાં શહેર વિકાસનાં સ્ટાફ ધ્વારા સફળતાપુર્વક દુર કરવામાં આવેલ છે.

TOP

## મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં તા.૦૨/૦૬/૧૪ થી તા.૦૮/૦૬/૧૪ના રોજ આરોગ્યલક્ષી કામગીરી બાબત :–

મે.કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ)નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં તા.૦૨/૦૬/૧૪ થી તા.૦૮/૦૬/૧૪ના રોજ ઓપરેશન હેલ્થકેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા/કુલ્ફી/મટકા કુલ્ફીની કુલ ૪૪૬ લારીઓ ચેક કરી, સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો/ શાકભાજીનો – ૧૪૮૭ કી.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારી / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાદ્ય પદાર્થોનું ૧૦૧૧ સ્થળે ચેકીંગ કર્યુ, જે પૈકી –૪૭૫ સંસ્થાઓને નોટીસ આપી તથા પર સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાદ્ય પદાર્થ વેચતી સંસ્થાઓ – ૪૫૩ ચેક કરી જે પૈકી ૧૮૪ સંસ્થાઓને નોટીસ આપી, દુધની ડેરી–૨૩૫ ચેક કરી જે પૈકી ૧૪૩ સંસ્થાઓને નોટીસ આપી, બરફની ફેકટરી કુલ ૧૧ સંસ્થા ચેક કરી તે પૈકી ૪ સંસ્થાને નોટીસ આપી. બરફનું વેચાણ કરનાર સંસ્થા–૧૪૨ ચેક કરી જે પૈકી ૬૭ સંસ્થાઓને નોટીસ આપી તથા ૧૦ સંસ્થાને બંધ કરાવેલ હતી. લગ્નની વાડીઓ / પાર્ટી પ્લોટમાં પીવાનાં પાણીની ટાંકી– ૧૭૧ ચેક કરી, મ્યુનિ. બિલ્ડીંગ, શાળાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, જાહેર સંસ્થાઓમાં પાણીની ટાંકી–૨૫૫ ચેક કરી, સીનેમાગૃહ, નાટયગૃહો, વીડીયો થીયેટરમાં પીવાનાં પાણી / ખાદ્ય સામગ્રી / મુતરડી – ૧૩૧ ચેક કરી, આ પૈકી કસુરવાર પાસેથી કુલ વહીવટી ખર્ચ રૂા.૨,૮૬,૮૭૬/– વસુલ કરવામાં આવેલ છે.

TOP

## પૂર્વ (વરાછા) ઝોનમાં આવેલ વિવિધ વિસ્તારોમાં ડીમોલીશન/દબાણની કામગીરી બાબતઃ–

પૂર્વ (વરાછા) ઝોનમાં સમાવિષ્ટ મોટા વરાછા વિસ્તારમાં નીચે જણાવેલ સ્થળોએ ડીમોલીશનની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૪ (મોટા વરાછા–ઉત્રાણ), ફા.પ્લોટ નં.૧૧૮ માં આવેલ ખોડીયારનગર સોસાયટીના મંજુર થયેલ પ્લાનમાં દર્શાવેલ સી.ઓ.પી.વાળા ભાગમાં આશરે ૩૫' × ૩૫' માપ વિસ્તારમાં પ્લીન્થ સુધીનું બાંધકામ કરવામાં આવેલ હતું જે ગેરકાયદેસર બાંધકામ દુર કરી આશરે ૧૨૨૫.૦૦ ચો.ફુટ સી.ઓ.પી. ની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

(૨) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૧૮ (મોટા વરાછા), ફા.પ્લોટ નં.૯માં આવેલ શ્રીનાથજી બંગ્લોઝમાં મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધ સોસાયટીના આંતરીક રસ્તામાં આશરે ૨૦' લાંબી દિવાલનું બાંધકામ કરી રસ્તો બંધ કરવામાં આવેલ હતો, સદર ગેરકાયદેસર બાંધેલ દિવાલનું બાંધકામ દુર કરી સોસાયટીનો આંતરીક રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

(૩) નાના વરાછા ખાતે આવેલ મહારાણા પ્રતાપ ઉદ્યાનની આગળ ટી.પી.રસ્તા પર ફેરીયાઓ દ્વારા દબાણ કરવામાં આવતું તા.૮/૦૬/૨૦૧૪ને રવિવારના રોજ દબાણ દુર કરી ખુલ્લી લારી નં.૧૦, કેબીન નંગ–૦૧ તથા પાથરણા નંગ–૫૫ જપ્ત કરવામાં આવેલ હતા.

(૪) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩ (કરંજ) માં આવેલ સંતોષીનગર પાસેના ૧૫૦'ના ટી.પી.રસ્તા પર દર રવિવારે રવિવારી બજાર ભરાય છે. જેના કારણે સમગ્ર રસ્તા પર ફેરીયાઓનું દબાણ થતું હોવાથી સમગ્ર રસ્તા પર ટ્રાફીકનું ભારણ વધી જાય છે. જે તા.૮/૦૬/૨૦૧૪ને રવિવારના રોજ કાર્યપાલક ઈજનેરશ્રીની હાજરીમાં તમામ દબાણ દુર કરાવીને ખુલ્લી લારી નં–૦૭ તથા પાથરાણા નંગ–૫૦ જપ્ત કરવામાં આવેલ હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૨મી નાટ્ય સ્પર્ધા :–

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિ વર્ષ યોજાતી નાટ્ય સ્પર્ધા ચાલુ વર્ષે ૪૨મી નાટ્ય સ્પર્ધા આગામી સપ્ટેમ્બર ૨૦૧૪માં યોજવામાં આવનાર છે. નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ તથા કલાકારો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત (ફોન નં.૨૪૬૧૬૯૪) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મળશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ ઘઘઘ(૭ચ્બ્ત?ગ્ઘ્ટ'ચઉર્બઈન:–ઈચ્ઘ પરથી પણ મળી શકશે. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ પ્રવેશપત્ર સાથે રૂા.૩,૦૦૦/–ની ડીપોઝીટની રકમ તથા નાટ્યકૃતિની એક કોમ્પ્યુટરાઈઝડ હાર્ડ કોપી અને સોફ્ટ કોપી (સીડી), પ્રવેશ ફોર્મ સાથે તા.૨૭/૦૬/૨૦૧૪ને શુક્રવારના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં આપવાના રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશપત્રો રદ થવાને પાત્ર રહેશે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઝોન (ઉધના) નાં કાર્યક્ષેત્રમાં આવેલ અંકલ્સ લોચો, ગુરુધ્વારા સામે, ઉધના–નવસારી મેઈન રોડ, ખાતે તા.૧૦/૦૬/૨૦૧૪ ના રોજ આરોગ્ય વિભાગનાં સ્ટાફ તથા ફુડ વિભાગ ધ્વારા સંયુકતપણે આરોગ્ય વિષયક ચેકીંગ હાથ ધરવામાં આવેલ. જેમાં આશરે ૭૦ કિ.ગ્રા ખુલ્લો અને અખાદ્ય પદાર્થ નો જથ્થો જપ્ત કરી નાશ કરવામાં આવેલ છે. સદર સંસ્થામાં ગંદકીનું પ્રમાણ વધુ જોવા મળેલ જેથી સંસ્થાનાં માલિક ને નોટીસ આપી રૂા.૨૦,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ અને સંસ્થાની વ્યવસ્થીત સાફ–સફાઈ કરી જરૂરી બાબતોની પૂર્તતા ન થાય ત્યાં સુધી વેચાણ બંધ કરાવવામાં આવેલ છે.

TOP

## સુરત ડુમસ રોડ પર નવી કોર્ટ બિલ્ડીંગ પાસે ફલાય ઓવર બ્રીજ અકસ્માતમાં સુરત મહાનગરપાલિકાના માન.મેયરશ્રી તરફથી સહાય મેયર ફંડમાંથી આપવાની જાહેરાત બાબત :–

સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત ડુમસ રોડ પર નવી કોર્ટ બિલ્ડીંગ પાસે ફલાય ઓવર બ્રીજના નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ બ્રીજની મોટાભાગની કામગીરી પૂર્ણ થયેલ હતી. હાલમાં બે સ્પાનની કામગીરી ચાલુ હતી. સ્પાન નં.સી.પી.–૧૪ અને સી.પી.૧૫ના સ્લેબની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામે સ્ટેજીંગ, શટરીંગ તથા રેઈન ફોસમેન્ટની કામગીરી પૂર્ણ થયા બાદ તા.૨૫–૫–૨૦૧૪ના રોજ કોંક્રીટીંગની કામગીરી કરવામાં આવી હતી. ડીઝાઈન મુજબ સમય મર્યાદા મુજબના દિવસો પૂર્ણ થયેથી ડીઝાઈન મુજબ ક્રોકીંટના કયુબના ટેસ્ટ કરાવેલ, જેના રીઝલ્ટ બરાબર યોગ્ય હોય, આ કામે નિયુકત પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટના સુપરવીઝન હેઠળ સ્ટ્રેસીંગ તથા ગ્રાઉટીંગની કામગીરી તા.૯–૬–૨૦૧૪ના રોજ પૂર્ણ કરવામાં આવેલ. આજ તા.૧૦–૬–૨૦૧૪ના રોજ સવારે આશરે ૭.૧૫ કલાકે ઈજારદારના માણસો ધ્વારા શટરીંગ દુર કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ. આ કામગીરી દરમ્યાન સવારે આશરે ૭.૪૫ કલાકે અચાનક સ્પાન આકસ્મીક રીતે તૂટીને જમીન પર પડેલ. આ દુર્ઘટનામાં રાહત બચાવ અને રેસ્કયૂની કામગીરી તાકીદે ફાયર બ્રિગેડ તેમજ એજન્સીની મદદથી શરૂ કરવામાંઆવેલ.

આ કામગીરી દરમ્યાન રાહત કમિશ્નરશ્રીના સંકલનમાં રહી એન.ડી.આર.એફ.ની ટીમને પણ બોલાવી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

બનાવની જાણ થતા જ અકસ્માતના સ્થળે માન.મેયરશ્રી ,સ્થાયી સમિતિના ચેરમેનશ્રી, ડે.મેયરશ્રી, શાસક પક્ષના નેતાશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રી તથા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, કલેકટરશ્રી, પોલીસ કમિશ્નરશ્રી તેમજ સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ પણ હાજર થઈ ગયેલ અને હાલમાં બચાવ/રાહતની કામગીરી પૂર જોશમાં ચાલી રહેલ છે.

આ અકસ્માતમાં બચાવ કામગીરી દરમ્યાન કુલ ૧૦ વ્યકિતઓને બહાર કાઢવામાં આવી છે તે પૈકી ૫ વ્યકિતઓ હોસ્પીટલમાં સારવાર હેઠળ છે જયારે ૫ વ્યકિતઓના મૃત્યુ થયેલ છે અને હજુ પણ બચાવ કામગીરી ચાલુ છે. આ અકસ્માતમાં સુરત મહાનગરપાલિકાના માન.મેયરશ્રી તરફથી દરેક મૃતકના પરિવારને રૂા.બે લાખ અને કાયમી ઈજાગ્રસ્તને રૂા.એક લાખ અને સામાન્ય ઈજાગ્રસ્તને રૂા.પચાસ હજારની સહાય મેયર ફંડમાંથી આપવાની જાહેરાત પણ કરવામાં આવી છે.

આ અકસ્માતની તપાસ માટે ત્રણ તજજ્ઞોની ટીમ બનાવી તપાસ સોંપવાનું નકકી કરેલ છે. ઉકત ત્રણ તજજ્ઞો નીચે મુજબ છે.

(૧) શ્રી એસ.એન.દેસાઈ, પ્રોફેસર, એસ.વી.એન.આઈ.ટી.,સુરત
(૨) શ્રી પી.એલ.પટેલ, કાર્યપાલક ઈજનેર,આર એન્ડ બી, સુરત
(૩) શ્રી વી.ડી.પટેલ, નિવૃત્ત સીટી ઈજનેર, સુરત મહાનગરપાલિકા

આ અકસ્માત અન્વયે જવાબદાર સામે પોલીસ ફરીયાદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે તથા તાંત્રીક /પોલીસ તપાસના તારણો મુજબ જે જવાબદાર જણાશે તેની સામે કડક કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :-

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૦/૦૬/૨૦૧૪ ના રોજ એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ) ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેરશ્રીઓ તથા દબાણ ખાતાના સ્ટાફ તથા આશરે ૪૫ બેલદારો સહિત સ્થળે જઈ કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં. ૨૭ ઉત્રાણ ની પૂર્વ સીમાના સમતાનગર ઝુંપડપટ્ટીના કુલ ૧૦૪ ઝુંપડા ૩૬.૦૦ મીટર પહોળાઈના રસ્તાની અસરમાં આવેલ ઝુંપડાવાસીઓને વૈકલ્પીક આવાસ આપીને સ્થળાંતરીત કરાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. સદર સ્થળાંતરને કારણે અંદાજે કુલ ૨૫૦૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી થશે.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૫/૨૦૧૪ના રોજ એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેરશ્રીઓ તથા દબાણ ખાતાના સ્ટાફ તથા આશરે ૬૦ બેલદારો સહિત સ્થળે જઈ કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે. સદર કામગીરી માટે ચોકબજાર અને કતારગામ પોલીસ સ્ટેશનના સ્ટાફ હાજર રહયો હતો.

(૧) પ્રિ.ટી.પી.સ્કીમ નં.૨૪ (ટુંકી)ના રસ્તાના દબાણમાં આવેલ ઝુંપડપટ્ટીના ૫૦૦૦ ચો.ફુટમાં વસેલ ૫૫ ઝુંપડાવાસીઓને ટી.પી.૨૨ (ભેસ્તાન), ફા.પ્લોટ ૭૦ માં શીફટ કરી સ્થળાંતર કરવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૨૪ (સીંગણપોર–ટુંકી) ફા.પ્લોટ નં.૪૭ માં આવેલ ઘનશ્યમા વિહાર સોસાયટીના સબ પ્લોટ નં.૭ થી ૧૧ કે જે સુડાના ડીપીના રીઝર્વેશન પી–૫૦ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના હેતુ માટે અનાત રાખવામાં આવેલ છે તેમાં પ્રશ્નવાળુ બાંધકામ આવતુ હોય, ગ્રા.ફલોર ત્ર એક માળનું આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચરવાળા બાંધકામમાં આશરે ૨૫૦૦ ચો.ફુટ મપ વિસ્તારમાં આર.સી.સી. બાંધકામ દુર કરવામાં આવેલ છે.

(૩) ટી.પી.સ્કીમ નં.૦૩(સીંગણપોર–ટુંકી) ફા.પ્લોટ નં.૪૯માં આવેલ ગંગાનગર સોસયટીના સબ પ્લોટ નં.૧૩૯/એ/બી કે જે સુડાના ડીપીના રીઝર્વેશન પી–૫૦ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના હેતુ માટે અનામત રાખવામાં આવેલ છે તેમાં હયાત ગ્રા.ફલોરની ઉપર શરૂ કરેલ પ્રથમ માળનું આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચરવાળા બાંધકામમાં આશરે ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.બાંધકામ દુર કરવામાં આવેલ છે.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

આથી જણાવવાનું કે, હોસ્પિટલ, દવાખાના, નર્સીંગ હોમ, ડીસ્પેનસરી, બ્લડ બેંક, પેથોલોજીકલ લેબોરેટરી વિગેરેને એન્વાયરોમેન્ટલ પ્રોટેકશન એકટ–૧૯૮૬ અંતર્ગત બાયોમેડીકલ વેસ્ટ (મેનેજમેન્ટ અને હેન્ડલીંગ) રૂલ્સ–૧૯૯૮ ની કલમ–૬, ૮ તથા શીડયુલ–૧ અને ૨ ની કલમ–૫, ૬ મુજબ જૈવિક કચરાના એકત્રિકરણ અને અંતિમ નિકાલની અંગેની જવાબદારી અને તેના ચુસ્ત અમલ તેઓ તરફથી કરવાના હોય છે. આવી સંસ્થાઓએ પોતાનો બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ કચરાપેટી, કન્ટેઈનર તથા ડોર ટુ ડો ગાર્બેજ કલેકશનની ગાડીમાં કરવાનો હોતો નથી. તેઓએ આ બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ '' સેન્ટ્રલાઈઝડ બાયોમેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન '' ભટાર સુરત ખાતે કરવાનો હોય છે.

આજરોજ તા.૧૦/૦૬/૧૪ ના રોજ સાંજે ૭–૦૦ થી ૯–૦૦ દરમ્યાન સેન્ટ્રલ ઝોનના મુખ્ય આરોગ્ય નિરીક્ષક તથા આરોગ્ય નિરીક્ષકોની ટીમ મારફતે નાનપુરા શંખેશ્વર કોમ્પલેક્ષમાં આવેલ હોસ્પિટલોનું આકસ્મિક ચેકીંગ દરમ્યાન સદર બિલ્ડીંગમાં આવેલ '' નોબલ સીટી સ્કેન પ્રા.લિ. '' અને '' મેગ્નમ એમ.આર.આઈ. '' તરફથી હોસ્પિટલના કચરા સાથે બાયોમેડીકલ વેસ્ટ ભેગો કરી કન્ટેઈનરમાં નાંખવાના ઈરાદાથી મ્યુ.ફુટપાથ પર પોટલા/થેલા મુકવામાં આવેલ. તેઓની સદર ગંભીર બેદરકારી બદલ રૂા.૨૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલાત કરવામાં આવેલ છે.

TOP

## માહે મે ૨૦૧૪ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ :–

સ્મીમેર હોસ્પીટલમાં માહે મે ૨૦૧૪ દરમ્યાન ૩૮૫૪ ઈન્ડોર તથા ૪૦૫૩૮ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૨૫૧૩ તથા ૪૮૪ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૯૩૪૧ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા.ટી.બીના નવા ૮૦૧ અને જુના ૧૪૦૬ દર્દીઓ સહીત કુલ ૨૨૦૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૩૦૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૮૪૮ તથા આંખ વિભાગમાં ૨૪૧૪ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા.લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૩૧૯૮ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## તા. ૧૧–૬–૧૪ નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ કામગીરીનો રીપોર્ટ

| અનં | વિગત | Total |
|---|---|---|
| અ | સફાઈ ઝુંબેશનો વિસ્તાર | |
| બ | કુલ ટીમની સંખ્યા | ૩૫ |
| ૧ | ડે. ઈજનેર | ૧ |
| ૨ | મુખ્ય આરોગ્ય નિરીક્ષક | ૧૦ |
| ૩ | જુ. –આસી. ઈજનેર / સુપરવાઈઝર | ૭ |
| ૪ | ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર | ૫ |
| ૫ | ટેકનીકલ આસી. | ૮ |
| ૬ | વાયરમેન | ૮ |
| ૭ | આરોગ્ય નિરીક્ષક / મ.આ. નિરીક્ષક | ૬૪ |
| ૮ | ડ્રેનેજ ઈન્સ્પેકટર | ૦ |
| ૯ | પ્રાયમરી હેલ્થ વર્કરો | ૨૦ |
| ૧૦ | કડીયા / મુકાદમ | ૭ |
| ૧૧ | સફાઈ કામદારો / બેલદારો | ૦ |
| ૧૧ અ | આરોગ્ય વિભાગ | ૫૪૯ |
| ૧૧ બ | લોકસેવા વિભાગ | ૭૪ |
| ૧૧ ક | ડ્રેનેજ વિભાગ | ૦ |
| ૧૨ | કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો નિકાલ કુલ મે. ટન | ૪૭.૧૯ |
| ૧૩ અ | દબાણ દુર કર્યાની વિગત | ૦ |
| ૧૩ બ | લારી | ૦ |
| ૧૩ ક | ગલ્લા | ૦ |
| ૧૩ ડ | અન્ય સામાન | ૦ |
| ૧૪ | ગુમાસ્તાધારા વિભાગ તરફથી ચેક થયેલ સંસ્થા | ૭૪ |
| ૧૫ અ | પ્રોફેશન ટેક્ષ અંતર્ગત કરેલ કામગીરી ચેક કરેલ સંસ્થા : | ૨૪ |
| ૧૫ બ | વસુલ કરેલ ટેક્ષની રકમ રૂા. | ૨૫૯૦૦ |
| ૧૬ | ફુટપાથ રીપેર કરી કુલ ચો. મી. | ૧૫ |
| ૧૭ | વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્કે્પીંગ કરી સાફ કર્યા કુલ (રનીંગ મીટર) | ૪૭૦ |
| ૧૮ અ | વરસાદી જાળીયા સાફ કર્યા નંગ | ૨૬ |
| ૧૮ બ | વરસાદી જાળીયા રીપેર કર્યા | ૨ |
| ૧૯ | લાઈટ વિભાગની કામગીરી | ૨૭ |
| | વી.બી.ડી.સી. વિભાગની કામગીરી | |
| ૨૦ | કુલ ઘર સર્વે | ૫૨૪૭ |
| ૨૧ | બ્રીડીગ સ્પોટ ચેક કર્યા | ૧૧૦૯૪ |
| ૨૨ | પોઝીટીવ બ્રીડીગ સ્પોટ | ૨૧ |
| ૨૩ | બ્રીડીગ નાશ કર્યા | ૨૧ |
| ૨૪ અ | એનો. | ૫ |
| ૨૪ બ | એડીસ | ૧૪ |
| ૨૪ ક | કયુલેકસ | ૦ |
| ૨૪ ડ | મિશ્ર | ૨ |
| ૨૫ | તાવનાં કેસમાં સ્લાઈડ લીધી | ૩૨૪ |
| ૨૬ | એફ.આર.ટી. આપી | ૨૧ |
| ૨૭ | ફોગીંગ આયોજન | ૧ |
| ૨૮ | કુલ નોટીસ / ચેતવણી | ૧૫૩ |

| | | |
|---|---|---|
| ૨૯ | વહીવટી ખર્ચ વસુલાત | ૭૬૬૫૦ |
| ૩૦ | ઈસમોની સંખ્યા | ૨૬૭ |
| ૩૧ | પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કી.ગ્રા. | ૧૯.૩૫ |
| ૩૨ | અખાદ્ય પ્રદાથોનો નાશ કી.ગ્રા. | ૪૦.૭૫ |
| ૩૩ | આંગણવાડીઓ ચેક કરી | ૧ |
| ૩૪ | શાળાઓ / સરકારી મકાન ચેક કર્યા | ૧ |
| ૩૫ | કામગીરીમાં જોડાયેલ આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ / શાળાઓની વિગત | ૦ |

| સફાઈ ઝુંબેશનો વિસ્તાર :– | | |
|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | : | સહારા દરવાજાથી નવાબવાડી રોડ થઈ મુંબઈવડ બોબી રસ સુધી, આરીફ નગર, હબીબશા મહોલ્લો, પત્થરવાલી ગલી, સુથાર મહોલ્લો, તાકપુરા મસ્જીદ પાસે, વેલકમ ફરસાણની ગલી, સેન્ટ્રલ સ્ટોર થી રૂપમ સીનેમા રોડ, સ્વામી વિવેકાનંદ લો લેવલ બ્રીજ સર્કલ થઈ મકકાઈપુલ રગઉપવન થઈ ગાંધીબાગ સર્કલ સુધી, રાધાકૃષ્ણ મંદીર ચાર રસ્તા થઈ રૂધનાથપુરા મેઈનરોડથી લાલદરવાજા ચાર રસ્તા થઈ હરીજનવાસ સુધી. |
| વરાછા ઝોન | : | એ.પી.એમ.સી માર્કેટ ખાડીથી આઈમાતા ચોક, ઓવર બ્રિજ ગરનાળા સુધી (ડાબી–જમણી બાજુ), આઈમાતા ચોકથી પરવટ પાટીયા નેહર સુધી (ડાબી–જમણી બાજુ), ઈન્ડસ્ટીઝ આઈ માતા ચોકથી ડી.આર.વર્લ્ડ સુધી (ડાબી–જમણી બાજુ), સપ્તશ્રી રો હાઉસ થી વોર્ડ ઓફીસ થઈ ખાડી સુધી, ડોમીનો પીઝાથી સુરભી સોસાયટી મેઈનરોડ |
| રાંદેર ઝોન | : | ઈદગાહ મેદાનથી બોટોલીકા ગાર્ડન થઈ ઉગત ગામ સુધી, વારીગૃહ થી પીરામીડ માર્બલ સુધીનો રોડ, સાઈટ એન્ડ સર્વિસ, ઈડબલ્યુએસ કવાટર્સ, શ્રીજીનગર તથા ભુવનેશ્વરી લો કાસ કોલોની |
| કતારગામ ઝોન | : | સીંગણપોર ગામતળ અને સર્વે નં. ૮ નાં ચોગાનથી આંબેડકર વસાહતથી હરેકૃષ્ણ સોસાયટી થઈ સહજાનંદ સોસાયટીનાં મેદાન સુધી |
| ઉધના ઝોન | : | ઉધનાનાં ડાફટ ટી.પી. સ્કીમ ૫૯ ઉન વિસ્તારમાં આવેલ તીરૂપતી નગર, હિદાયત નગર, જલારામ નગર, મગદુમ નગર, રેલ્વે ટ્રેકનો વિસ્તાર. |
| અઠવા ઝોન | : | અઠવાલાઈન્સ ખાતે ઓવરબ્રીજની દુર્ઘટના સંદર્ભે આરોગ્ય વિભાગનો તમામ સ્ટાફ ત્યાં રોકાયેલ હોય ઝુંબેશ આદરવામાં આવેલ નથી. |
| લીંબાયત ઝોન | : | ઉષાનગર સોસાયટી, શિવશંકર સોસાયટી, સિધ્ધી વિનાયક મંદીર ગેટથી ભારતનગર ડેપો થઈ સુવિધાનગર રોડ તથા ટ્રાન્સપોર્ટ ગોડાઉન સુધી, બાબનગર ઓવરબીજ, પુષ્પાનગર સોસાયટી–૨, ૧–૨, નવકેતન પાર્ક સોસાયટી થી તારા વિધાલય થઈ મારીયા સ્કુલ, કિન્નરી સીનેમા સામે ૮૦ ફુટ રોડ નેહર ચાર રસ્તા થઈ કિષ્ણા પાર્ક, ઉધના સંઘના પુલના નાકા સુધી |

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

<table>
<tr><td>૧</td><td>ટી.પી.સ્કીમ નંબર</td><td colspan="3">૭(આંજણા) અને ૬૯(ગોડાદરા–ડીંડોલી)</td></tr>
<tr><td>૨</td><td>વિસ્તાર</td><td colspan="3">આંજણા અને ગોડાદરા</td></tr>
<tr><td rowspan="3">૩</td><td>ફાયનલ પ્લોટ નંબર</td><td colspan="3">૧૬૯,૧૫૮,૪૨/એ</td></tr>
<tr><td>સબ પ્લોટ નંબર</td><td colspan="3">૧૩૩,૧૦૧</td></tr>
<tr><td>રીઝર્વેશન પ્લોટની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૪</td><td>કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે)</td><td colspan="3">કોમર્શીયલ દુકાનો તથા રહેણાંક મકાન</td></tr>
<tr><td rowspan="6">૫</td><td rowspan="6">તોડવામાં આવેલ બાંધકામની વિગત</td><td>માર્જીન</td><td>માપ(ફુટમા)</td><td>ચો.ફુટ(વિસ્તાર)</td></tr>
<tr><td>ભોયતળિયે</td><td>દુકાનો નંગ–૬</td><td>–</td></tr>
<tr><td>પ્રથમમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>બીજોમાળ</td><td>૧૪'×૪૫'</td><td>૬૩૦</td></tr>
<tr><td>.ત્રીજોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>ચોથોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>૬</td><td>માલિકનું નામ</td><td colspan="3">–</td></tr>
<tr><td>૭</td><td>આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૮</td><td>પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત</td><td colspan="3">ટી.પી.સ્કીમ નં. ૭(આંજણા)ફા.પ્લોટ નં. ૧૬૯ માં બનેલ તબરેઝ એપાર્ટમેનટ અને રોઝાનપાર્કની વચ્ચે કોમન જગ્યામાં બનેલ બિનઅધિકૃત દુકાનના શટર્સ દુર કરી જમા લેવામાં આવેલ તથા ટી.પી.સ્કીમ નં.૭(આંજણા) ફા.પ્લોટ નં. ૧૫૮ ખાતે આવેલ પુષ્પાનગર સોસાયટી ખાતે સબ પ્લોટ નં. ૧૩૩ માં બીજો માળ બનાવવાના ઈરાદે શરૂ કરવામાં આવેલ સેન્ટરીંગ કામ દુર કરવામાં આવેલ છે. ત્યારબાદ ટી.પી.સ્કીમ નં. ૬૯(ગોડાદરા–ડીંડોલી)ફા.પ્લોટ નં. ૪૨/એ માં આવેલ સોસાયટીમાં ૨૪.૦ મી. લાગુ ટી.પી.રોડને આવેલી મિલ્કતમાં બનેલ દુકાન નંગ–૦૩ દબાણ સ્ટાફ દ્વારા દુર કરવામાં આવેલ ત્યારબાદ સદર ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડીંડોલી)ના ફા.પ્લોટ નં. ૨૮ સાંઈધામ સોસાયટીના પ્લોટ નં. ૧૦૧ ના મિલ્કતદાર દ્વારા રહેણાંક મકાનના બે શટર પાડી દુકાન બનાવવામાં આવેલ જેને આજરોજ અત્રેના દબાણ સ્ટાફ અને ટેકનીકલ સ્ટાફ દ્વારા દુર કરી શટર જમા લેવામાં આવેલ છે.</td></tr>
<tr><td rowspan="2">૯</td><td>તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા</td><td colspan="3">૦૫</td></tr>
<tr><td>બેલદારની સંખ્યા</td><td colspan="3">૧૦</td></tr>
<tr><td>૧૦</td><td>મશીન / વાહનની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૧</td><td>વસુલ કરવામાં આવેલ ડીમોલીશન ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">૫૦૦૦/–</td></tr>
<tr><td>૧૨</td><td>અન્ય માહિતી</td><td colspan="3"></td></tr>
</table>

TOP